**આદિજાતિ વિસ્તારોમાં અનુસૂચિત જનજાતિ ના લાભાર્થિ ને અપાયેલ વિજજોડાણ માટે સમયસર દ્વિમાસિક બિલ આપવા બાબત – એકત્રિત બીલની બાકી રકમ માટે વિજ જોડાણ ન કાપવા બાબત**

ગુજરાત સરકાર
પરિપત્ર ક્રમાંક : ટીએસપી/૨૦૧૨/૧૩૨/ક૧
ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
સચિવાલય , ગાંધીનગર
તારીખ : 05 FEB 2014

વંચાણે લીધા :- ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૮/૧૨/૨૦૧૩ નો પરિપત્ર

## પરિપત્ર :

સરકારશ્રી ના ધ્યાન પર આવેલ છે કે આદિજાતિ વિસ્તારોમાં અનુ. જનજાતિ ના લાભાર્થી ને ફાળવાયેલ વિજજોડાણ માટે વિજવપરાશનું બિલ આપવાની નિર્ધારીત સમયમર્યાદાને બદલે ઘણા સમય બાદ એકત્રિત બિલ આપવામાં આવે છે. લાભાર્થીની આર્થિક પરિસ્થિતિ સારી ન હોઇ તે આ બીલ ભરવામાં નિષ્ફળ જતાં આવા વિજજોડાણ સંબંધિત વિજ કંપની દ્વારા કાપી નાખવામાં આવે છે. ફળસ્વરૂપ ઘણા આદિજાતિ ના લાભાર્થી તેમનો કોઇ દોષ ન હોવા છતાં વિજ વિહોણા રહે છે. અને સરકારશ્રી નો **" Power to all "** નો ઉદ્દેશ મૂર્તિમંત થઇ શકતો નથી.

ઉપર્યુક્ત પરિસ્થિતિ ન ઉદ્ભભવે તે માટે સરકારશ્રી ના ઉપર્યુક્ત વંચાણે લીધેલા તા.૧૮/૧૨/૨૦૧૩ ના પરિપત્ર થી આ માટે જરૂરી સુચનાઓ પાઠવવામાં આવેલ છે. છેલ્લે તા.૨૨/૦૧/૨૦૧૪ ના રોજ માન.મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ ) ના અધ્યક્ષ પદે યોજાયેલ સમિક્ષા બેઠક માં માન. મંત્રીશ્રી દ્વારા આ બાબતે સખત નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી.

આથી ગુજરાત ઊર્જા વિકાસ નિગમ અને સલંગ્ન તમામ વિજકંપનીઓ ને સુચના પાઠવવામાં આવે છે કે આદિજાતિ વિસ્તારોમાં અનુ. જનજાતિના લાભાર્થીને વિજજોડાણ પુરૂ પાડવામાં આવે કે તુર્ત જ વિજવપરાશ ના બિલની કાર્યવાહી શરૂ કરી નિયમોનુસાર દર બે માસે તેઓ ને બિલ આપવામાં આવે. અગાઉ જે લાભાર્થીઓને બે માસથી વધુ સમયના એકત્રિત બિલ આપવામાં આવ્યા હોય તો આ બિલના યોગ્ય હપ્તા કરી આપવામાં આવે અને કોઇ પણ સંજોગોમાં આવા એકત્રિત બિલની રકમ બાકી હોવાના કારણે જે તે વિજકંપનીના મેને. ડીરેક્ટર ની પૂર્વ મંજૂરી વગર વિજ જોડાણ

કાપવામાં ન આવે તેવી કાર્યવ્યવસ્થા સંબંધિત વિજ કંપનીના મેને. ડીરેક્ટર દ્વારા ગોઠવવામાં આવે.

ઉપર્યુક્ત સુચનાઓ નો ત્વરિત અમલ થાય તે માટે ક્ષેત્રિય કચેરીઓ અને સબડીવીઝન કક્ષા સુધી સરકારશ્રી ની સુચનાઓ ત્વરિત ગતિથી પહોચે તેવી વ્યવસ્થા ગોઠવવા અને તેનો અમલ શરૂ થાય સુનિશ્ચિત કરવા આથી ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી અને તમામ વિજ કંપનીઓ ને જણાવવામા આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી ના હુકમથી અને તેમના નામે

( એચ.એફ.ગાંધર્વ )

સંયુક્ત સચિવ

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

- મેનેજીંગ ડીરેક્ટશ્રી, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. ,વડોદરા
- મેનેજીંગ ડીરેક્ટશ્રી, ઉત્તર ગુજરાત વિજ કંપની લી. ,મેહસાણા
- મેનેજીંગ ડીરેક્ટશ્રી, દક્ષિણ ગુજરાત વિજ કંપની લી. ,સુરત્
- મેનેજીંગ ડીરેક્ટશ્રી, મધ્ય ગુજરાત વિજ કંપની લી. ,વડોદરા
- મેનેજીંગ ડીરેક્ટશ્રી, પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ,રાજકોટ

નકલ સવિનય રવાના-

- અ.મુ.સ.શ્રી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
- અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ
- માન.મંત્રીશ્રી, (ઊર્જા) ના અંગત સચિવશ્રી, માન.મંત્રીશ્રીના ધ્યાને લાવવા સારૂ
- માન.મંત્રીશ્રી, આદિજાતિ ના અંગત સચિવશ્રી માન.મંત્રીશ્રીના ધ્યાને લાવવા સારૂ

Select File